ક્રમાંક: COS/SEC/e-file/276/2025/0958/SECONDARY
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
પુનિતવનની સામે, સેક્ટર-૧૯,
ગુ.રા.,ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

તમામ

વિષય: રાજ્યમાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજુર મહેકમ સામે દિવ્યાંગજનો માટે ૪% અનામત મુજબ ખાલી જગ્યાઓ નક્કી કરવા બાબત.

સંદર્ભ: ૧) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ તા. ૧૭/૦૯/૨૦૨૧

૨) સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨(ભાગ-૧) તા. ૧૧/૧૧/૨૦૨૪

૩) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ તા. ૨૦/૧૧/૨૦૨૪

૪) શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક: BMS/૧૧/૨૦૧૯/૬૩૧૨૪૩/G તા. ૧૯/૦૫/૨૦૨૩

૫) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૫ આપવામાં આવેલ જાહેરાત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, WPIL 46/2023માં નામ. વડી અદાલતના તા.૧૩/૦૩/૨૦૨૪, તા.૦૨/૦૮/૨૦૨૪ અને તા.૦૪/૧૦/૨૦૨૪ના ઓરલ ઓર્ડર તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૨૪ના પરિપત્ર અને તા.૨૦/૧૧/૨૦૨૪ ના સુધારા ઠરાવ અન્વયે રાજ્યમાં બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજુર મહેકમ સામે દિવ્યાંગજનો માટે ૪% અનામતનું ધોરણ જાળવવા માટે દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત તા.૦૧/૦૩/૨૦૨૫ રોજ જાહેરાત આપી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૩/૧૧/૨૦૨૫ થી પોર્ટલ પર નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે.

સંદર્ભ દર્શિત ઠરાવ-૧ની જોગવાઈઓ મુજબ ખાલી જગ્યાઓના ૪% જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવારોથી તેમની દિવ્યાંગતા કેટેગરી A,B,C,D&E મુજબ ભરવાની થાય છે તથા આ જગ્યાઓના રોસ્ટર ક્રમ નક્કી કરવા બાબતે વિસ્તૃતમાં જોગવાઈઓ કરવામાં આવેલ છે અને તે મુજબ રાજ્યની તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતા કેટેગરી મુજબ અનામત જગ્યાઓ નક્કી કરવાની થાય છે. જેથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આજ દિન સુધી એકપણ દિવ્યાંગ ઉમેદવારથી ભરતી કરવામાં આવેલ ના હોય તેવી શાળાઓમાં જો રોસ્ટર ક્રમ ૨૫ થી ઓછા વપરાયેલ હોય અને જગ્યા ખાલી હોય તો એક ખાલી જગ્યા દિવ્યાંગ ઉમેદવાર માટે ફરજિયાત અનામત દર્શાવવાની થાય છે. જો રોસ્ટર ક્રમ ૨૫ કરતા વધુ વપરાયેલ હોય તો ખાલી જગ્યાઓ પૈકી ઓછામાં ઓછી બે જગ્યાઓ દિવ્યાંગ ઉમેદવાર માટે ફરજિયાત અનામત દર્શાવવાની થાય છે. એ જ રીતે અનુક્રમે ૫૦, ૭૫, .., રોસ્ટર ક્રમ વપરાયેલા હોય તો તે મુજબ ત્રણ, ચાર, ... જગ્યાઓ દિવ્યાંગ અનામતથી ભરવાની થાય છે. હાલમાં જે શાળાઓમાં ખાલી જગ્યા ના હોય તો તેવી શાળાઓમાં ભવિષ્યમાં ઉભી થનાર ખાલી જગ્યા ઉપર મુજબ દિવ્યાંગ ઉમદવાર

માટે અનામત દશોવવાની રહેશે. રાજ્યની આવી બધી જ દિવ્યાગ અનામત જગ્યાઓ પર દિવ્યાગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશથી હાલમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા ચાલુ છે.

ઉપર દર્શાવ્યા મુજબ દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પોતાના જિલ્લાની તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકીની જે શાળાઓમાં હાલમાં શિક્ષણ સહાયકની ખાલી જગ્યા ઉપલબ્ધ છે તેવી દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામત ખાલી જગ્યાઓ શાળાઓ પાસેથી મેળવી તેની ખરાઈ કરી વિષયવાર જિલ્લાની બધી જ ખાલી જગ્યાઓની માહિતી તા.૨૫/૧૧/૨૦૨૫નાં રોજ સાંજે ૪:૦૦ કલાક સુધી અત્રેની કચેરીના ઈ-મેઈલ gsssc23pri@gmail.com પર આપેલ ફોર્મેટ (પત્રક-૧,૨,૩,૪) ની excel file મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં ઉક્ત પત્રક-૧ થી ૪ તથા પત્ર સાથે સામેલ નમૂના મુજબના પ્રમાણપત્રની સહીસિક્કા વાળી સ્કેન કોપી મોકલી આપવા જણાવવામાં આવે છે.

ખાલી જગ્યાઓની દિવ્યાંગ કેટેગરી આપતી વખતે જીલ્લાની કુલ દિવ્યાંગ અનામત જગ્યાઓ(હાલમાં કામ કરતા દિવ્યાંગજન સહિત) માં ચારેય પ્રકારની દિવ્યાંગ કેટેગરી (૧) A (૨) B (૩) C (૪) D&E નુ ં પ્રમાણ એકસરખું (એટલે કે કુલ ૪% માં દરેક કેટેગરી નાં ૧% લેખે) જળવાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવાનું રહેશે. ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવ-૧ના પેરા ૮.૧ માં દર્શાવ્યા મુજબનું પ્રમાણપત્ર સંબંધિત શાળામંડળો પાસેથી અચૂક મેળવી લઇ તમામ પ્રમાણપત્રો આપની કક્ષાએ રાખવાના રહેશે. અત્રેથી જણાવવામાં આવે તે તારીખે તમામ પત્રકોની માહિતી સાથે આપના જિલ્લાનાં આ કામગીરી સાથે સંકળાયેલ એક વર્ગ-૨ અધિકારી તથા એક વર્ગ-૩ ના કર્મચારીને રૂબરૂ હાજર રાખવાના રહેશે.

આપની કક્ષાએથી ઉક્ત કામગીરી પૂર્ણ કર્યા બાદ દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત શિક્ષણ સહાયક ભરતી માટે ખાલી જગ્યાઓ બતાવવાની હોઈ વિલંબને ટાળી શકાય એ રીતે ગંભીરતાપૂર્વક સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ:- શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૨૪માં દર્શાવેલ ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી.**

બિડાણ: ૧) પત્રક ૧ થી ૪

૨) નિયત નમૂનાનું પ્રમાણપત્ર

નાયબ શિક્ષણ નિયામક

(માધ્યમિક)

ગુ.રા., ગાંધીનગર

Signature Not Verified

Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.11.20 15:22:21 +05:30

File No: COS/SEC/e-file/276/2025/0958/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign